વય નિવૃત્તિ બાદ કરારીય નિમણૂક પામેલ વર્ગ-૧ અને વર્ગ-૨ ના અધિકારીઓના કામગીરી મૂલ્યાંકન અહેવાલ "ઓનલાઈન" કરવા બાબત.

ગુજરાત સરકાર,
માર્ગ અને મકાન વિભાગ,
પરિપત્ર ક્ર: ખહલ/૧૦૨૦૨૦/૧/ઇ.૩
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૦૨/૧૨/૨૦૧૯

વંચાણે લીધા: (૧) સા.વ.વિભાગના તા.૩૧/૩/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક: ખહલ-૧૦-૨૦૧૮-૮૦૭૯૨-ક.
(૨) સા.વ.વિભાગના તા.૧૨/૬/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક: ખહલ-૧૦૨૦૧૯-૦૧૮૧-ક

પરિપત્ર:

સામાન્ય વહીવટ વિભાગના વંચાણે લીધેલ ક્રમ: (૧) તથા (૨) ના ઠરાવથી બહાર પાડવામાં આવેલ સૂચનાઓ અનુસંધાને **વય નિવૃત્તિ બાદ કરારીય નિમણૂક પામેલ વર્ગ-૧ અને વર્ગ-૨ ના અધિકારીઓ**ના કામગીરી મૂલ્યાંકન અહેવાલ "સાથી" સોફ્ટવેર અંતર્ગત"ઓનલાઈન " હાથ ધરવા આથી નીચે મુજબની માર્ગદર્શક સુચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

(૧) અહેવાલ હેઠળના અધિકારીએ ફરજિયાત પણે સ્વ મૂલ્યાંકન ભરવાનું રહેશે. સ્વ મૂલ્યાંકન વગરના ફોર્મ પરત્વે અહેવાલ લેખન કે સમીક્ષાની કાર્યવાહી કરવાની રહેશે નહી.

(૨) જે કિસ્સામાં સ્વ મૂલ્યાંકન રજૂ કર્યુ હોય અને અહેવાલ લેખન પણ થયું હોય પરંતુ સમીક્ષક અધિકારી દ્વારા સમીક્ષા કરવામાં આવી ન હોય તેવા કિસ્સામાં અહેવાલ લખનાર અધિકારીએ કરેલ મૂલ્યાંકન આખરી ગણવાનું રહેશે અને સંવર્ગ સંચાલકશ્રીએ આવા અહેવાલ સંબંધિત અધિકારીને મોકલી આપવાના રહેશે.

(૩) જે કિસ્સામાં સ્વ મૂલ્યાંકન રજૂ થયુ પરંતુ અહેવાલ લખનાર અધિકારી નિવૃત્ત થઈ ગયેલ હોય અને તેને નિવૃત્તિને દિન-૧૦ પૂર્ણ થઈ ગયેલ હોય તો સમીક્ષક અધિકારી પોતાની કક્ષાએ સમીક્ષાની કરવાની કાર્યવાહી નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરશે અને તે આખરી રહેશે.

(૪) જે કિસ્સામાં અહેવાલ લખનાર અને સમીક્ષા કરનાર અધિકારી એક જ હોય તે કિસ્સામાં સંબંધિત અહેવાલ હેઠળના અધિકારીના કામગીરી મૂલ્યાંકન અહેવાલમાં લખનાર અને સમીક્ષાની બંને કાર્યવાહી લખનાર અધિકારીએ પૂરી કરવાની રહેશે.

(૫) સમીક્ષક અધિકારીએ અહેવાલ લખનાર અધિકારી સાથે સહમત છે કે નહી તે સ્પષ્ટ જણાવવાનું રહેશે અને અસહમતિના સંજોગોમાં સ્પષ્ટ કારણો આપવાના રહેશે. અને ભાગ-૪ ના ક્રમાંક-૨ માં એકંદર મૂલ્યાંકન આપવાનું રહેશે. સમીક્ષક અધિકારીએ મહત્તમ દિન-૧૦માં કાર્યવાહી પૂર્ણ કરવાની રહેશે.

(૬) નિવૃત્તિ બાદ કરાર આધારિત અધિકારીઓના સ્વ મૂલ્યાંકનમાં જો નિમણૂક સ્વ મૂલ્યાંકન થયેલ હોય પરંતુ અહેવાલ લેખન અને સમીક્ષા બંને કાર્યવાહી ન થઈ હોય તે સંજોગોમાં સંવર્ગ સંચાલકશ્રીએ ભાગ-૫ સ્વ મૂલ્યાંકન ને આધારે પેન પિક્ચર રજૂ કરી આખરી મૂલ્યાંકન આપવાનું રહેશે.

(૭) જે અધિકારીઓના કિસ્સામાં કામગીરી મૂલ્યાંકન ત્રણ માસથી ઓછા સમય માટે કરવાનું હોય તે કિસ્સામાં કામગીરી મૂલ્યાંકન ન કરતા પ્રમાણ પત્ર આપી શકાશે.

(૮) નિવૃત્તિ બાદ કરાર આધારિત નિમણૂક માટે ઓછામાં ઓછુ મૂલ્યાંકન "સારા" હોવું ફરજીયાત છે "નબળા" મૂલ્યાંક્ન ધરાવતા અધિકારીઓની કરાર આધારિત નિમણૂક માટે વિચારણા કરવાની રહેશે નહી.

(૯) અહેવાલ લખનાર અને સમીક્ષક અધિકારી દ્વારા રજૂ કરવામાં આવેલ પેન પિક્ચર આપવામાં આવેલ મૂલ્યાંક્ન સાથે સુસંગત હોવુ જોઈશે. જો પેન પિક્ચર અને મૂલ્યાંકન એકબીજા સાથે સુસંગત નો હોય તો તેવા કિસ્સામાં મૂલ્યાંકન આખરી ગણવાનું રહેશે.

(૧૦) બોર્ડ /કોર્પોરેશન વગેરેમાં પ્રતિનિયુક્તિના ધોરણે ફરજો બજાવતા જે અધિકારીઓના અહેવાલ બોર્ડ/ કોર્પોરેશનના ચેરમેનશ્રીએ લખવાના થતા હોય તેવા કેસમાં જ્યાં બોર્ડ કોર્પોરેશનના ચેરમેન તરીકે રાજ્ય સરકારના અધિકારી હોય તો તેઓએ મૂલ્યાંકન/સમીક્ષા કરવાની રહેશે.આ સિવાયના કિસ્સામાં સંબંધિત અધિકારીઓના અહેવાલ તેઓ જે બોર્ડ કોર્પોરેશનના વહીવટી વિભાગના નિયંત્રણ હેઠળ હોય તે વિભાગના અહેવાલ તેઓ જે બોર્ડ/ કોર્પોરેશનની કામગીરી સાથે સંકળાયેલ અધિકારીઓ, આ અધિકારીના અહેવાલ લખવા /સમીક્ષા કરવા માટે સક્ષમ બનશે. અહેવાલ લખતા પૂર્વે તેઓ સંબંધિત બોર્ડ/ કોર્પોરેશનના ચેરમેનનો લેખિત અભિપ્રાય ધ્યાનમાં લઈ શકશે અહેવાલ લખવા અંગેની સક્ષમ સત્તા વર્ગ-૧ માટે સચિવાલયનો વહીવટી વિભાગ અને વર્ગ-૨ માટે ખાતાના વડા રહેશે.

(૧૧) કામગીરી મૂલ્યાંકન અહેવાલમાં આપવામાં આવેલ મૂલ્યાંકન સંદર્ભે કોઈ પણ પ્રકારની રજૂઆત કરવાની રહેશે નહી.

(૧૨) કામગીરી મૂલ્યાંકન અહેવાલમાં કરવામાં આવેલ "સારા" "ઘણા સારા " કે "ઉત્તમ" મૂલ્યાંકન થવા માત્રથી અહેવાલ હેઠળના અધિકારી કરાર આધારિત નિમણૂક મેળવવા માટે હકદાર બનશે નહી. કરાર આધારિત નિમણૂક આપવા અંગે ખાતાના વડા /વિભાગના વડા ના વડા/સરકારનો નિર્ણય આખરી ગણાશે.

(૧૩) સંદર્ભ ક્રમાંક-૨ પરનો સા.વ.વિભાગનો તા.૧૨/૦૬/૧૯ નો પરિપત્ર વિભાગની વેબસાઈટ પરથી મેળવી લેવા આથી સર્વે ખાતાના વડા/અ.ઈ.શ્રીઓને જણાવવામાં આવે છે.

સા.વ.વિ.ની ઉપર દર્શાવેલ સૂચનાઓ તા.૦૧/૦૪/૨૦૧૯ થી અમલમાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે.

(જી.બી.ઝાલા)
ઉપ સચિવ
માર્ગ અને મકાન વિભાગ